**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૬ ટકા

# કેસ ઘટયા, પણ ભીડ ચિંતા વધારે છે

**છેલ્લા ચાર-પાંચ દિવસથી કોરોનાના કેસ સિંગલ ડિજિટમાં આવી રહ્યા છે પરંતુ કેસ ઘટતા આપણે પણ બેદરકાર બની બજારોમાં ભીડ કરી રહ્યા છીએ : વધતી ભીડ કોરોનાની ત્રીજી લહેરની ચિંતા વધારે છે**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના કેસ ખૂબ ઝડપથી ઘટી રહ્યા છે. દરરોજ ઝડપથી ઘટી રહેલા કેસોથી લોકો ફરી બેજવાબદાર બની રહ્યા છે. સેકટર-૨૧, સેકટર-૭ અને સેકટર-૨૪ના શાકમાર્કેટમાં સાંજના સમયે ઉભરાતી ભીડ કોરોનાની ત્રીજી લહેરના સંકેતો આપી રહી છે. સાવાધાની હજુ પણ ખૂબ જરૂરી છે.

માર્ચ અને એપ્રિલ માસમાં વધેલો કોરોનાની બીજી લહેરનો ખોફ હવે ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે. દરરોજ ૩૦૦-૩૫૦ કેસ નોંધાતા હતા તેની જગ્યાએ હવે કોરોનાના કેસ સિંગલ ડિજીટમાં નોંધાઈ રહ્યા છે. એક સમયે હોસ્પિટલમાં બેડ, ઓકિસજન અને ઈન્જેકશન મેળવવા રીતસર દોડાદોડ કરવી પડતી હતી. લાંબી લાંબી કતારોની તસ્વીર અખબારોમાં આવતી હતી. જો કે છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાનો રીવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે. કોરોનાના કેસમાં છેલ્લા કેટલાક દિવસથી ખૂબ જ ઘટાડો થયો છે. દહેગામ, કલોલ અને માણસા તાલુકામાં તો છેલ્લા કેટલાક દિવસોથી સિંગલ ડિજિટમાં કોરોનાના કેસ નોંધાઈ રહ્યા છે. શહેરમાં પણ કેસોમાં ખૂબ ઘટાડો આવ્યો છે. કોરોનાના કેસ ઘટતા થોડોક હાશકારો ચોકકસ થયો છે. ડર ઓછો થતાં ધીમે ધીમે વસાહતીઓ ઘરની બહાર નીકળતા થયા છે. બજારોમાં ધીમે ધીમે ભીડ દેખાઈ રહી છે. શાકમાર્કેટ સિવાયની દુકાનો બપોર ૩ વાગે બંધ થઈ જાય છે પરંતુ શાકમાર્કેટમાં અને અનાજ કરીયાણાની દુકાનોમાં ભીડ જોવા મળે છે. સેકટર-૨૧, સેકટર-૭ અને સેકટર-૨૪ના શાકમાર્કેટમાં સાંજના સમયે મહિલાઓની ખૂબ જ ભીડ જોવા મળે છે. કોરોના ભલે ઓછો થયો હોય પરંતુ હજુ તે સંપૂર્ણપણે ગયો નથી. કોરોના હજુ પણ આપણી વચ્ચે છે જ. આવા સમયે આવી ભીડ ચિંતા કરાવે છે. કોરોનાની ત્રીજી લહેરની વાતો નિષ્ણાતો કરી રહ્યા છે ત્યારે આપણે જરાય બેદરકાર રહેવું જોઈએ નહીં. બેદરકારી આપણને ભારે પડી શકે છે આવી ભીડ ત્રીજી લહેરના સંકેતો આપે છે.

# સે-૧૧માં યોજાયેલા રકતદાન કેમ્પમાં ૩૨ યુનિટ્સ રકત એકત્ર થયું

**રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા જિલ્લા કલેક્ટર, ગ્રાહક સુરક્ષાના જજ અને મામલતદારે મુલાકાત લીધી**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૧૧માં અભિષેક કોમ્પલેક્સ ખાતે આજે કોરોના મહામારીના કપરા કાળમાં ગણેશ ચેરીટેબલ ટ્રસ્ટ અને મારૂતિનંદન ભારત ગેસ એજન્સીના સંયુકત ઉપક્રમે સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન કેમ્પમાં કુલ ૩૨ રક્તદાતઓએ રક્તદાન કર્યુ હતું જેમને આયોજકો દ્વારા પ્રમાણપત્ર અને શુભેચ્છા ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતા.

શહેરમાં છેલ્લાં કેટલાક દિવસથી કોરોના મહામારી તથા વેક્સિનેશન કાર્યક્રમને કારણે સિવિલ હોસ્પિટલ લોહીના



પુરવઠાની અછત અનુભવી રહી છે જેને અનુલક્ષીને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રકતદાન કેમ્પ યોજીને તે અછત દૂર કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. સે-૧૧માં યોજાયેલા રકતદાન કેમ્પમાં રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા જિલ્લા કલેક્ટર ડૉ.કુલદીપ આર્ય, ગ્રાહક સુરક્ષા અદાલતના જજ ડી.ટી.સોની, મામલતદાર જી.એન.ગોર વગેરેએ મુલાકાત લીધી હતી. આ રકતદાન કેમ્પમાં રકત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડબેંક દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે કેમ્પના આયોજકો એડવોકેટ નોટરી અલ્પા પ્રજાપતિ, અલ્પિત પ્રજાપતિ, મારૂતિનંદન ભારત ગેસ એજન્સીના દર્શન રામી સહિત સ્વયંસેવકો વગેરેએ વ્યવસ્થાને લગતી સેવા પુરી પાડવામાં આવી હતી.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ૫ જુને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાશે

**નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા '૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસની' ઉજવણી નિમિતે કોરોના મહામારીમાં અવસાન પામેલા નાગરિકોની યાદમાં વૃક્ષો વાવવામાં આવશે**

ગાંધીનગર, તા.૧

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિજ્ઞાનલક્ષી અને પર્યાવરણીય દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ૫ મી જુન સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. નિસર્ગ સાયંસ સેન્ટર દ્વારા દર વર્ષે આ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર ગ્રીન સીટી બનાવવાના અભિયાનના ભાગ રૂપે સાયંસ સેન્ટર ધ્વારા "નિસર્ગ વન" બનાવેલ છે જેમાં હાલ ૨૦૦ જેટલા વૃક્ષો ઉછેરેલા છે. આ વનમાં હજી ૫૦ જેટલા નવા વૃક્ષો ૫ મી જુન ના રોજ વાવવામાં આવશે.

કોરોના મહામારીને કારણે ગાંધીનગર શહેર વિસ્તારમાં વસતા ઘણા પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. ઘણા બધા નાગરિકો ઓક્સીજનના અભાવે અવશાન પામ્યા છે. વૃક્ષોને ઓક્સિજનની ફેક્ટરી ગણવામાં આવે છે. તેથી નાગરિકો વૃક્ષોના ઉછેરનું મહત્વ સમજે તે હેતુથી ગાંધીનગર શહેર વિસ્તારમાં વસતા જે નાગરિકો કોરોના મહામારીને કારણે અવશાન પામેલ છે તેમની સ્મૃતિ સ્વરૂપે તેમના પરિવારના સભ્યોના હસ્તે તેમની યાદમાં વૃક્ષો વાવવામાં આવશે. ૫મી જુનના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ સુધીમાં જે નાગરિકો તેમના સ્વજનની યાદમાં વૃક્ષો વાવવા માંગતા હોય તેમણે ડૉ.અનીલ પટેલ - ૯૩૨૭૮૩૫૨૧૫ નો સંપર્ક કરી નામ લખાવવાનું રહેશે. સરકારશ્રીના નિયમો અનુસાર પરિવારના બે કે ત્રણ સભ્યોએ માસ્ક પહેરીને જે સમય આપવામાં આવે તે સમયે વૃક્ષારોપણ માટે આવવાનું રહેશે. વૃક્ષના રોપા અહીથી જ પુરા પાડવામાં આવશે. આ વૃક્ષોનુ જતન અને માવજત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવશે.

# ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના એન્જિનમાં ફસાઈ ગયેલા બિલાડીના બચ્ચાને બચાવાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ આકસ્મિક સમયે નાગરિકોના જીવ બચાવવા માટે ત્વરિત સેવા પુરી પાડી રહી છે. કોરોના કાળમાં ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે દિવસ-રાત સતત ફરજ બજાવીને અનેક દર્દીઓને સારવાર અપાવી અથવા બેડ ના મળે ત્યાં સુધી એમ્બ્યુલન્સમાં જ ઓકિસજન પુરો પાડીને જીવ બચાવ્યા છે. આજે ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે એક બિલાડીના બચ્ચાને બચાવવાનું કાર્ય કર્યું હતું.



શહેરના સેકટર-૧૭ ખાતે જિલ્લા પંચાયત નજીક ૧૦૮ એમ્બ્યુલન્સનો એક પોઈન્ટ છે જયાંથી નજીકના વિસ્તારમાં ઈમર્જન્સી સેવા પુરી પાડવામાં આવે છે. અહીં હાજર એમ્બ્યુલન્સ વાનના એન્જિનના ભાગમાં સવારે એક બિલાડીનું બચ્ચું અંદર ઘુસી ગયું હતુ અને એન્જિનની અટપટી માયાજાળમાં ફસાઈ ગયું હતું. આ સમયે સ્થળ પર હાજર ૧૦૮ના કર્મચારીઓ રાજેન્દ્રસિંહ સોઢા, ચિરાગભાઈ તથા મહેશ ઠાકોર વગેરેએ મળીને આ બિલાડીના બચ્ચાને સહી સલામત રીતે એમ્બ્યુલન્સ વાનના એન્જિનમાંથી બહાર કાઢીને તેનો જીવ બચાવ્યો હતો.

# અપના બજાર પાસે કારની અડફેટે ઈજાગ્રસ્ત મહિલાનું મૃત્યુ

**ઈજા પામેલા મહિલાને કાર ચાલક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો, જયાં મહિલાને એડમીટ કરીને કાર ચાલક ફરાર**

ગાંધીનગર, તા.૧

શહેરના સેકટર-૬ અપના બજાર પાસે માર્ગ પર ચાલતા જતા મહિલાને કાર ચાલકે અડફેટે લેતા મહિલા માર્ગ પર પટકાયા હતા. ઈજા પામેલા મહિલાને કાર ચાલક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો. જયાં મહિલાને એડમીટ કરીને કાર ચાલક ફરાર થઈ ગયો હતો. જયારે મહિલાને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ બ્લોક નં.૧૮૭-૯ ખાતે રહેતા મુકેશ રામાભાઈ સેનમા લેકાવાડા પાસે સેલ્સમેનની નોકરી કરે છે. જયારે મુકેશનો દિવ્યાંગ ભાઈ ભીખો અને તેની માતા ચરેડી છાપરા ખાતે રહે છે. ગતરોજ લક્ષ્મીબેન સેકટર-૬ ખાતે કામ અર્થે આવ્યા હતા. તે સમયે તેઓ અપના બજાર પાસેના માર્ગ પર ચાલતા ચાલતા જઈ રહ્યા હતા. તે સમયે અચાનક કાર ચાલકે પોતાની કાર પુરઝડપે - ગફલતભરી રીતે હંકારતા લક્ષ્મીબેન અડફેટે આવી ગયા હતા. માર્ગ પર લક્ષ્મીબેન પટકાતા સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા. જેને પગલે કારનો ચાલક તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ ગયો હતો. જયારે મુકેશને તાત્કાલીક હોસ્પિટલ જવા તેના ભાઈ ભીખાએ જણાવ્યું હતું. જેથી મુકેશ સિવિલ ખાતે આવી પહોંચ્યો હતો. તે સમયે તેની માતાની સારવાર શરુ હતી. ત્યારબાદ લક્ષ્મીબેનની તબિયત વધુ બગડતા અમદાવાદ સિવિલ મોકલવામાં આવ્યા હતા. ત્યારે આ તકનો લાભ લઈ કાર ચાલક છુમંતર થઈ ગયો હતો. જયારે સારવાર દરમિયાન લક્ષ્મીબેનનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે મૃતક મહિલાના દિકરાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ફરાર કાર ચાલક સામે ગુનો નોંધી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.





ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા "જાગશે ગુજરાત-બોલશે ગુજરાત" અભિયાન અંતર્ગત જાહેર સ્થળોએ ફરિયાદ પેટી મુકવામાં આવી રહી છે. શહેરના પેથાપુર વિસ્તારમાં વિવિધ સ્થળે જેવા કે જીઈબી કોલોની અમુલ પાર્લર, બસસ્ટેન્ડ તથા આદિવાડા નજીક જ્યાં નાગરિકોની અવરજવર વધુ રહે છે તેવા સ્થળોએ આ ફરિયાદ પેટી મુકાઈ હતી જેનો ઉદ્દેશ જનતા તેની સમસ્યાઓ જણાવે જેને ઉકેલવાનો પ્રયાસ આમ પાર્ટી દ્વારા સરકારમાં રજૂઆત કરીને લાવવા પ્રયાસ કરાશે.

# સેકટર-૧૫ ફતેપુરા ખાતે રસીકરણ કેમ્પ યોજાયો

**સેવા સપ્તાહ ઉજવણીના ભાગરૂપે આયોજીત કેમ્પમાં ૧૦૦ નાગરીકોએ રસીકરણનો લાભ લીધો**



ગાંધીનગર, તા.૧

ભારત દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ ભાજપની ભારે બહુમત ધરાવતી કેન્દ્રીય સરકારને તા.૩૦.૫.૨૧ ના રોજ સફળતાના ૭ વર્ષ પરિપૂર્ણ થાય છે. તે નિમિતે "સેવા હી સંગઠન" કાર્યક્રમ હેઠળ સેવા સપ્તાહ ઉજવણી અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપના વોર્ડ નં.૬ ના ફતેપુરા, શ્રી મહાકાલી મંદિર સેકટર-૧૫ ખાતે મંગળવારના રોજ સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન ૪૫ વર્ષથી વધુ વયના નાગરીકોને રસીકરણના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફતેપુરાના ૧૦૦ જેટલા નાગરીકોએ વેકિસન લીધી હતી.આ કાર્યક્રમમાં બિસ્કીટ તેમજ લીંબુ સિંકજીની સેવા ઉમેદવારો દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉમેદવાર ગૌરાંગભાઈ વ્યાસ, મફતભાઈ દેસાઈ, ભાવનાબા ગોલ, પ્રેમલત્તાબેન મહેરીયાની સાથે વોર્ડ ઈન્ચાર્જ વિનોદભાઈ ઉદેચા, કાર્યકારી વોર્ડ પ્રમુખ સુરેશ પટેલ, પૂર્વ પ્રમુખ નિલેશ મહેરીયા, મહામંત્રી જગદીશ સોલંકી, સ્થાનિક અગ્રણી અને સ્થળ સહયોગી રામસિંહ ઠાકોર, સિધ્ધરાજસિંહ ઠાકોર, મહિલા ઉપપ્રમુખ ધર્મિષ્ઠાબેન ચૌહાણ,સક્રિય કાર્યકર્તા જયંતભાઈ ચૌહાણ, જીવરાજજી ઠાકોર, રણછોડજી ઠાકોર, અને ભારતી બા ડાભીએ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહાનગર ભાજપના મંત્રી ભાવનાબેન પાઠક ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રાહતની સ્થિતિ સર્જાતા અરવિંદ કેન્દ્ર ફરી યોગ-પ્રાણાયામના વર્ગો શરૂ કરશે

ગાંધીનગર, તા.૧

કોરોના મહામારીએ વિશ્વભરમાં અનેક પ્રકારની ગતિવિધીઓ થંભાવી દીધી છે. ભારતમાં હજુ પણ છેલ્લા સવા એક વર્ષથી જનજીવન રાબેતા મુજબ થઈ શકયું નથી. જો કે હવે ધીરે ધીરે કોરોના સાથે જીવવાનું નાગરિકો શીખી રહ્યા છે. ધીમે ધીમે ગાંધીનગરનું જનજીવન પુનઃ ધબકતું થઈ રહ્યું છે. એક પછી એક ગતિવિધી શરૂ કરવા માટે આત્મ વિશ્વાસમાં વધારો થતો અનુભવાઈ રહ્યો છે જેમાં વિશ્વ યોગ દિવસ નજીક આવી રહ્યો છે ત્યારે યોગ-પ્રાણાયામની પ્રવૃત્તિ ફરી વેગવંતી બનવાના આસાર જોવા મળી રહ્યા છે.

કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ગાંધીનગરના શ્રી અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ખાતે યોગ-પ્રાણાયામના વર્ગો બંધ રાખવામાં આવ્યા હતા. તાજેતરમાં કોરોનાના સંક્રમણમાં દિન પ્રતિદિન ઘટાડો થઈ રહ્યો હોવાથી ગાંધીનગરની જનતા માટે શારીરિક તથા માનસિક સ્ફુર્તી, તાજગી, તંદુરસ્તી અને સ્વાસ્થ્ય માટે તા. ૭-૬-૨૦૨૧, સોમવારથી સાંજે ૬ થી ૭ દરમિયાન પુનઃ યોગ અને પ્રાણાયામના વર્ગો શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર૨૩ ખાતે રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે. યોગ-પ્રાણાયામમાં રસ ધરાવનારે યોગ પ્રશિક્ષક ચાંદમલ કાંસવાના મો. ૯૭૧૪૭ ૨૬૮૪૮ તથા સંસ્થાના પ્રમુખ ડૉ. સી.કે. તન્નાના મો. ૯૮૭૯૨ ૬૫૫૫૩નો સંપર્ક કરવા વિનંતી છે.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. સેનમા લક્ષ્મીબેન રામભાઈ**, ઉ.વ. ૫૦, જીઈબી છાપરાં
- **સ્વ. પુરોહિત અંબરીશકુમાર દેવશંકર**, ઉ.વ.૬૯, વાવોલ
- **સ્વ. ત્રિવેદી હરેશકુમાર પ્રતાપરાય**, ઉ.વ. ૬૧, સેકટર-૧૭
- **સ્વ. તોમર બિજેન્દ્રસિંગ કેશવસિંગ**, ઉ.વ. લેકાવાડા
- **સ્વ. રાઠોડ પ્રતાપસિંહ કાલુસિંહ**, ઉ.વ. ૬૮, વિજયનગર

# કલ્પતરૂ કંપનીના હરિશ લાલાણીનો યાદગાર વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૧

કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ કંપની એ વિશ્વ ખ્યાતિ ધરાવે છે. એમાં છેલ્લા ૨૭ વર્ષથી કામ કરતા હરિશ લાલાણી વય નિવૃત્ત થયા હતા. ગાંધીનગર પ્લાન્ટમાં વીસ વર્ષ અને છેલ્લા સાત વર્ષથી રાયપુર કલ્પતરૂ પ્લાન્ટના પ્લાન્ટ હેડ તરીકે કામ કરતા હરિશ લાલાણી વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી વય નિવૃત્ત થયા હતા. એમનો ભવ્ય વિદાય સમારંભ રાયપુર પ્લાન્ટ ખાતે ઓનલાઈન આયોજિત કરવામાં આવ્યો હતો.

કલ્પતરૂ કંપનીના એમ.ડી મનીષ મોહનોતે એમને કંપનીની એસેટ ગણાવી હતી જયારે પૂર્વ સીઈઓ ડી. બી. પટેલે એમની સાથેના સંસ્મરણો યાદ કર્યા હતા. શ્રી હરિશ લાલાણીનું બુકે અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કમલ જૈન, એમ. એ. બારૈયા, ધર્મેશ મહંત, પ્રવિણ કુમાર, મહેન્દ્ર પટેલ, રાજુ દેસાઈ વગેરેએ એમને નિવૃત્ત પછીના સમય માટે શુભકામનાઓ પાઠવી હતી.

કલ્પતરૂ રાયપુર પ્લાન્ટના ઓપરેશન હેડ કેતન નિર્મલ દ્વારા એમની કાર્ય પદ્ધતિને બિરદાવવામાં આવી હતી. હરિશ લાલાણીએ એમનાં ટૂંકા વક્તવ્યમાં સૌનો આભાર માન્યો હતો અને એમની સાથે હાજર એમનાં ધર્મપત્ની ક્રિષ્ના લાલાણીએ પણ કલ્પતરૂ કંપનીના સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન કલ્પતરૂના સભ્યો દ્વારા બનાવવામાં આવેલા વિડિયોનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

રાયપુર કલ્પતરૂની ટીમ વતી હર્ષદ સુથાર, શેખર ટોલ, વૈભવ હરિહરનો, રાગીશ રોહતગી, નીતિન મુંગળા, નીતિન કાંકરિયા, અખિલશ ભદોરીયા, જીતેન્દ્ર સાહુ દ્વારા મોમેન્ટો, ફોટો ફ્રેમ અને ગિફ્ટ આપી હરિશ લાલાણીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આખોય કાર્યક્રમ લાગણી સભર અને યાદગાર બની રહ્યો હતો.

## જન્મદિને વધામણી



કેશરીસિંહ જી. બિહોલા
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮



નયન મધુકર
મો. ૯૮૯૮૩ ૩૮૧૪૧



આદિત્ય અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫



ચંચળબેન બાબુભાઈ મેસરવાલા



વિપુલ રેવાભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



વિજયસિંહ કેશાજી માજીરાણા
મો. ૯૭૩૭૨ ૪૩૨૧૦૩



જી.કે. પરમાર
મો. ૯૮૭૯૨ ૬૮૯૫૮



પ્રજાપતિ અરવિંદભાઈ પ્રહલાદભાઈ



રેખા નરેન્દ્રભાઈ પટેલ



મિત્રાબા યોગેન્દ્રસિંહ રાઠોડ
મો. ૮૧૦૧૭ ૧૮૭૦૭